પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૫૯ ૧ ડિસેમ્બર, ૨૦૨૨, ગુરૂવાર; માગશર સુદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આજે પ્રથમ તબક્કાનું મતદાન

**ગુરૂવારે સવારે ૮થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન થશે : સૌરાષ્ટ્રની ૪૮, કચ્છની ૬ અને દક્ષિણ ગુજરાતની ૩૫ બેઠકો સામેલ : મતદારો ૮૯ બેઠકો માટે ચૂંટણી લડી રહેલા ૭૮૮ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે**

અમદાવાદ, તા.૩૦

ચૂંટણી પંચે પ્રથમ તબક્કાના મતદાનની તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. પ્રથમ તબક્કાના મતદાનને હવે ગણતરીની કલાકો બાકી છે. ગુજરાતમાં ચૂંટણીના પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર-કચ્છ સહિત દક્ષિણ ગુજરાતના ૧૯ જિલ્લાની ૮૯ બેઠકો પર મતદાન થશે. ૧ ડિસેમ્બરને ગુરૂવારે સવારે ૮થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન થશે. ચૂંટણીના પ્રથમ તબક્કામાં કુલ ૭૮૮ ઉમેદવારોનું ભાવી નક્કી થશે. પ્રથમ તબક્કામાં ૩૯ રાજકીય પક્ષો વચ્ચે જંગ છે. જેના માટે ૨ કરોડ ૩૯ લાખથી વધુ મતદારો મતદાન કરશે. જ્યારે ૬ લાખ મતદારો પ્રથમ વાર મતાધિકારનો ઉપયોગ કરશે પ્રથમ તબક્કા માટે ૨૫ હજાર ૪૩૦ મતદાન મથકો રહેશે અને કુલ ૩૪,૩૨૪ ઈફ્સ અને ૩૮,૭૪૯ VVPAT મશીનોમાં મતદાન થશે ચૂંટણી પંચની દેખરેખમાં તમામ બેઠકો પર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થશે

ચૂંટણી પંચના કમિશ્નર પી. ભારતીએ જણાવ્યું હતું કે આ પ્રથમ તબક્કાની તમામ બેઠકો પર ઈફ્સ અને VVPATનું વ્યવસ્થાપન પૂર્ણ થઈ ચૂક્યું છે. મતદાન માટે કુલ ૧ લાખ ૬ હજાર ૯૬૩ કર્મીઓ તૈનાત રહેશે મતદાન બુથ પર વેબ કાસ્ટીંગ માટે વિશેષ સ્ટાફ પણ તૈનાત રહેશે. ત્યારે બહોળી સંખ્યામાં મતદાન થાય તે માટે ચૂંટણી પંચે ગુજરાતની જનતાને અપીલ કરી છે.

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે. આવતીકાલે ૧ ડિસેમ્બરે ૮૯ બેઠક માટે મતદાન થશે. મતદારોનો રીઝવવા રાજકીય પક્ષો ભાજપ-કોંગ્રેસ અને છઈઁ ડોર ટુ ડોર પ્રચાર અને ખાટલા બેઠક કરશે. આવતીકાલે ૧ ડિસેમ્બરે ૮૯ બેઠકો માટે મતદાન યોજાશે. કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લામાં મતદાન થશે. પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૨ કરોડ ૩૯ લાખ ૭૬ હજાર ૬૭૦ મતદારો મતદાન કરશે. પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાની ૮૯ બેઠક પર મતદાન થશે. ગુરૂવારે કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મતદાન યોજાશે. પ્રથમ તબક્કામાં ૭૮૮ ઉમેદવારો મેદાનમાં છે. ૨ કરોડ ૧૩ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં ૬ લાખ મતદારો પહેલી વખત મતદાન કરશે. પહેલા તબક્કામાં જે ૮૯ બેઠકો છે તેમાંથી અનેક બેઠકો એવી છે જ્યાંથી હાલની સરકારના મંત્રીઓ અને મોટા મોટા નેતાઓ મેદાનમાં છે. આ બેઠકોમાં કુતિયાણા, ભાવનગર, પોરબંદર, વરાછા રોડ સહિત અનેક બેઠકો એવી છે જે ગુજરાતના રાજકારણની દિશા નક્કી કરશે.

૧૯ જિલ્લામાં જે જિલ્લાની બેઠકો પર મતદાન થશે તેમાં કચ્છ જિલ્લાની ૬ બેઠક, સુરેન્દ્રનગર જિલ્લાની ૫ બેઠક, મોરબી જિલ્લાની ૩ બેઠક, રાજકોટ જિલ્લાની ૮ બેઠક, જામનગર જિલ્લાની ૫ બેઠક, દેવભૂમિ દ્વારકાની ૨ બેઠક, પોરબંદર જિલ્લાની ૨ બેઠક, જૂનાગઢ જિલ્લાની ૫ બેઠક, ગીર સોમનાથ જિલ્લાની ૪ બેઠક, અમરેલી જિલ્લાની ૫ બેઠક, ભાવનગર જિલ્લાની ૭ બેઠક, બોટાદ જિલ્લાની ૨ બેઠક, નર્મદા જિલ્લાની ૨ બેઠક, ભરૂચ

● અનુસંધાન પાન-૭ પર

## સેન્સેક્સ ૬૩,૧૦૦ની ઐતિહાસિક સપાટીએ

**સેન્સેક્સ ૪૧૮ પોઈન્ટના વધારા સાથે રેકોર્ડ હાઈ ૬૩,૧૦૦ પર બંધ થયો : નિફ્ટી તેજી સાથે ૧૮૭૫૮ પોઈન્ટ પર બંધ થયો : બજારમાં ઘરેલૂથી લઈને વિદેશી રોકાણકારોની જબરદસ્ત ખરીદીને કારણે શેરબજારમાં શાનદાર તેજી જોવા મળી**



મુંબઈ, તા.૩૦

ભારતીય શેર બજારે બુધવારના ટ્રેડિંગ સેશનમાં ફરીથી ઈતિહાસ રચી દીધો છે. બીએસઈ સેન્સેક્સ પ્રથમવાર ૬૩૦૦૦ના રેકોર્ડ આંકડાને પાર કરી ગયો. તો નિફ્ટી પણ ૧૯૦૦૦ તરફ ઝડપથી વધી રહી છે. બજારમાં ઘરેલૂથી લઈને વિદેશી રોકાણકારોની જબરદસ્ત ખરીદીને કારણે શાનદાર તેજી જોવા મળી છે. આજનો કારોબાર બંધ થયો ત્યારે સેન્સેક્સ ૪૧૮ પોઈન્ટના વધારા સાથે રેકોર્ડ હાઈ ૬૩,૧૦૦ પર બંધ થયો છે. તો નિફ્ટી ૧૪૦ પોઈન્ટની તેજીની સાથે ૧૮૭૫૮ પોઈન્ટ પર બંધ થયો છે. આ સતત પાંચમું ટ્રેડિંગ સેશન છે જેમાં ભારતીય બજારો નવી ઊંચાઈ પર બંધ થઈ છે. બજારમાં સરકારી બેન્કના ઈન્ડેક્સને છોડી દેવામાં આવે તો બધા સેક્ટરના શેરમાં જબરદસ્ત તેજી જોવા મળી. બેન્કિંગ, ઓટો, આઈટી, ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, રિયલ એસ્ટેટ, એનર્જી અને કંઝ્યૂમર ડ્યૂરેબલ્સ સેક્ટરના શેરમાં તેજી જોવા મળી છે. કિરિટ પારેખ કમિટીની

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૧૪ રૂપિયા સુધીનો ઘટાડો થઈ શકે

**ક્રૂડ ઓઇલની કિંમત ૮ મહિનાથી નિચલા સ્તરે : ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડાથી રિફાઈનરીઓ માટે ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત ઘટીને બેરલ દીઠ ૮૨ ડોલર**

નવી દિલ્હી, તા.૩૦

હાલમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત ૮ મહિનાથી નિચલા સ્તરે જોવા મળે છે. અત્યારે પ્રતિ બેરલ ૮૧ ડોલરથી પણ નીચે આવી ગયો છે. જ્યારે અમેરિકી ક્રૂડ ઓઈલ અંદાજે ૭૪ ડોલર પ્રતિ બેરલ છે. તો આ દ્રષ્ટિએ ક્રૂડ ઓઈલના ભાવ ઓછા થવાથી દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૧૪ રૂપિયા સુધીનો ઘટાડો થઈ શકે છે. તો મે મહિના બાદ પહેલીવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર ઘટાડાથી ભારતીય રિફાઈનરીઓ માટે ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત ઘટીને બેરલ દીઠ ૮૨ ડોલર થઈ ગઈ છે. જે માર્ચ મહિનામાં ૧૧૨.૮ ડોલર હતી. તે મુજબ છેલ્લા ૮ મહિનામાં રિફાઈનિંગ કંપનીઓ માટે ક્રૂડ ઓઈલની કિંમતમાં ૩૧ ડોલર (૨૭%)નો ઘટાડો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ફુલ સ્પિડે આવતા ટ્રકે બસને ટક્કર મારતા ૬ના કરૂણ મોત

**ધુમ્મસના કારણે કંઈ દેખાયું નહીં : દુર્ઘટના બાદ ઘટના સ્થળ પર પોલીસ પહોંચી અને ટ્રક ડ્રાઈવરની શોધખોળ કરી, પોલીસ ઘટનાસ્થળની નજીક લાગેલા સીસીટીવી ખંગાળી રહી છે**



લખનઉ, તા.૩૦

લખનઉ-બહરાઈચ હાઈવે પર બુધવારે સવારે તે સમયે રોડ અકસ્માત થઈ ગયો, જ્યારે રોડવેઝની એક બસને ટ્રકે નજીકમાંથી ટક્કર મારી દીધી.આ ટક્કર એટલી જબરદસ્ત હતી કે, ૬ લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા, જ્યારે ૧૫ મુસાફરો ઘાયલ થઈ ગયા, જેમાંથી ચારની હાલત નાજૂક હોવાનું કહેવાય છે. તામમ ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ભરતી કરાવ્યા છે. ગંભીર રીતે ઘાયલોને લખનઉના ટ્રોમા સેન્ટરમાં રેફર કર્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જોઈએ કો, આ દુર્ઘટના સવારે સાડા ચાર વાગ્યાની નજીક થઈ હતી. જ્યારે ધુમ્મસના કારણે ફુલ સ્પીડે આવતા ટ્રક ઈદગાહ ડેપોની બસને સાઈડમાંથી ટક્કર મારી દીધી હતી. આ દુર્ઘટના જરવલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના ધર્ધરા ઘાટ નજીક થઈ હતી. કહેવાય છે કે, ધુમ્મસના કારણે વિજિબિલિટી ઓછી હતી, જેના કારણે આ દુર્ઘટના થઈ હતી. દુર્ઘટનાની સૂચના મળતા સીઓ અને એસડીએમ કેસરગંજ ઘટનાસ્થળે પહોંચ્યા અને રાહત બચાવ કાર્ય શરુ કર્યું હતું.

## અફઘાનિસ્તાનના મદરેસામાં નમાઝ દરમિયાન વિસ્ફોટ થયો

**વિસ્ફોટમાં ૧૬ના મોત, ૨૭ ઘાયલ : મૃતકોમાં મોટાભાગના વિદ્યાર્થીઓનો સમાવેશ**

કાબુલ, તા.૩૦

અફઘાનિસ્તાનમાં નમાઝ દરમિયાન બોમ્બ બ્લાસ્ટની ઘટના સામે આવી છે. જેમાં ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા હતા.



તે જ સમયે, ૨૭ લોકો ઘાયલ થયા છે.

બોમ્બ વિસ્ફોટ સમંગાન પ્રાંતના મધ્યમાં સ્થિત આઈબક શહેરમાં એક મદરેસા પર થયો હતો. ઉત્તર અફઘાનિસ્તાનમાં એક મદરેસામાં થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ માર્યા ગયા હતા, એમ તાલિબાનના અધિકારીએ જણાવ્યું હતું. અફઘાનિસ્તાનમાં સમયાંતરે આવી આતંકવાદી ઘટનાઓ જોવા મળે છે. બે મહિના પહેલા કાબુલમાં પણ બોમ્બ બ્લાસ્ટ થયો હતો.

અફઘાનિસ્તાનના આંતરિક મંત્રાલયના પ્રવક્તા અબ્દુલ નફી ટાકોરે જણાવ્યું હતુ કે ઉત્તરી સમંગાન પ્રાંતની રાજધાની એબકમાં થયેલા વિસ્ફોટમાં ઘણા લોકો ઘાયલ થયા છે. ટોલો ન્યૂઝે એક ડોક્ટરને ટાંકીને કહ્યું કે વિસ્ફોટમાં ૧૬ લોકોના મોત થયા છે. લગભગ ૨૭ લોકો ઘાયલ થયા છે. આ વિસ્ફોટ મદરેસામાં બપોરે નમાઝ દરમિયાન થયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જે મદરેસામાં બ્લાસ્ટ થયો હતો તે તાજેતરમાં બનાવવામાં આવી હતી.

અહેવાલો અનુસાર, આ હુમલામાં મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા મોટાભાગના લોકો મદરેસામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે. અત્યાર સુધી કોઈ જૂથે હુમલાની જવાબદારી લીધી નથી. તાલિબાન ઓગસ્ટ ૨૦૨૧માં સત્તામાં પરત ફર્યું છે. ત્યાર બાદ અહીં અનેક બોમ્બ બ્લાસ્ટ થયા છે.

## અમેરિકા ભારત સાથેના અમારા સબંધોમાં દખલગીરી ન કરે : ચીન

**રિપોર્ટ અનુસાર ચીની ગણરાજ્ય તણાવ ઓછો કરવાનું ઈચ્છે છે જેથી ભારત અને અમેરિકા નજીક આવી શકે નહીં**

બીજિંગ, તા.૩૦

ચીન અને અમેરિકા વચ્ચે એકવાર ફરીથી નિવેદનબાજી શરૂ થઈ ગઈ છે. તાજેતરમાં જ ભારત સાથેના સંબંધોનો ઉલ્લેખ કરીને ચીને અમેરિકાને ચેતવણી આપી છે અને કહ્યુ છે કે અમેરિકા ભારત સાથેના તેમના સંબંધોમાં દખલગીરી ના કરે.

એક રિપોર્ટ અનુસાર ચીની ગણરાજ્ય (પીઆરસી) તણાવ ઓછો કરવાનું ઈચ્છે છે જેથી ભારત અને અમેરિકા નજીક આવી શકે નહીં, આ જ કારણ છે કે ચીનને અમેરિકાની દખલગીરી પસંદ આવી રહી નથી. ચીનની ઈચ્છા સરહદ પર સ્થિરતા જાળવી રાખવાની છે અને ભારત સાથેના તેના દ્વિપક્ષીય સંબંધો અન્ય વિસ્તારોને મડાગાંઠના કારણે થતા નુકસાનથી બચાવવાની છે. પીપુલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાના અધિકારીઓએ અમેરિકી અધિકારીઓને ચેતવણી આપી છે કે તેઓ ભારત સાથે પીઆરસીના સંબંધોમાં હસ્તક્ષેપ ના કરે.

## ચીન-રશિયન ફાઈટર જેટ દક્ષિણ કોરિયાના એરસ્પેસમાં ઘૂસી ગયા

બેઈજિંગ, તા.૩૦

દક્ષિણ કોરિયા, ચીન અને રશિયા વચ્ચે તણાવ વધવાની સંભાવના છે. ચીન અને રશિયન ફાઈટર જેટ દક્ષિણ કોરિયાના એરસ્પેસમાં ઘૂસી ગયા હોવાના અહેવાલ મળી આવ્યા છે. સૂત્રો અનુસાર જાણવા મળ્યું હતું કે, બે ચીની અને છ રશિયન ફાઈટર જેટ કોઈ સૂચના વિના દક્ષિણ કોરિયાની એરસ્પેસમાં ઘુસી આવ્યા હતા. હજી વિગતવાર માહિતીની રાહ જોવાઈ રહી છે. સૂત્રો એ જણાવ્યું હતું કે, ચાઈનીઝ એચ-૬ બોમ્બર્સ દક્ષિણ અને ઉત્તરપૂર્વીય દરિયાકાંઠેથી હવાઈ સંરક્ષણ ક્ષેત્રમાં પ્રવેશ્યા અને બહાર નીકળ્યા.

● અનુસંધાન પાન-૭ પર

## એનડીટીવીના ડિરેક્ટરપદેથી પ્રણવ રોય, રાધિકા રોયે રાજીનામા આપ્યા

**અદાણીએ એનડીટીવી ખરીદવા સાથે ઊથલપાથલ : સુદિપ્તા ભટ્ટાચાર્ય, સંજય પુગલિયા અને સેંથિલ સિન્નૈયા ચેંગલવારાયણ આરઆરપીએચઆરના બોર્ડમાં ડિરેક્ટર**

નવી દિલ્હી, તા.૩૦

એનડીટીવીના માલિક અને સ્થાપક એવા પ્રણય રોય અને રાધિકા રોયે મંગળવાર, ૨૯ નવેમ્બરના રોજ આરઆરપીઆર હોલ્ડિંગ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર પદેથી રાજીનામું આપી દીધું છે. ઉપરાંત જણાય છે કે સુદિપ્તા ભટ્ટાચાર્ય, સંજય પુગલિયા અને સેંથિલ સિન્નૈયા ચેંગલવારાયણને તાત્કાલિક અસરથી આરઆરપીએચઆરના બોર્ડમાં ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે એનડીટીવી ખરીદવી એ તક નથી પણ જવાબદારી છે. આ દરમિયાન તેમણે એમ પણ કહ્યું હતુ કે આઝાદીનો અર્થ છે સાચાને સાચા અને ખોટાને ખોટું કહેવું. જો સરકારે કંઈ ખોટું કર્યું હોય તો તમે કહો છો કે આ વાત ખોટી છે. બીજી તરફ જો સરકાર કંઈક સારું કરી રહી હોય તો તેને સારું કહેવાની હિંમત પણ હોવી જોઈએ. આ ઉપરાંત તેમણે એનડીટીવીના માલિક અને સ્થાપક પ્રણય રોયને પણ તેના વડા રહેવા આમંત્રણ આપ્યું હતું.

૨૩ ઓગસ્ટના રોજ, ગૌતમ અદાણી જૂથે એનડીટીવીમાં ૨૯.૧૮ ટકા હિસ્સો ખરીદ્યો હતો, ત્યારબાદ અદાણી જૂથે એનડીટીવીના ૨૬ ટકા શેર ખરીદવાની જાહેરાત કરી હતી. જેના માટે ઓપન ઓફર લાવવાનું જણાવાયું હતું. હવે અદાણી ગ્રુપ ૨૨મી નવેમ્બરે આ ઓપન ઑફર લાવ્યું છે, જે ૫ ડિસેમ્બર સુધી ખુલ્લી છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ૭ નવેમ્બરે રૂ. ૪૯૨.૮૧ કરોડની આ ઓપન ઓફરને મંજૂરી આપી હતી. તેના દ્વારા ૨૯૪ રૂપિયા પ્રતિ શેરના ભાવે ૧ કરોડ ૬૭ લાખ શેર ઓફર કરવામાં આવ્યા છે.

## ટોયોટા કિર્લોસ્કર મોટરના વાઈસ ચેરમેન વિક્રમ કિર્લોસ્કરનું નિધન

**બાયોકોનના એક્ઝિક્યુટિવ ચેરપર્સન કિરણ મઝુમદારે આ પ્રસંગે જણાવ્યું હતું કે, તે વિક્રમના આઘાતજનક અવસાનથી આઘાતમાં છે**

નવી દિલ્હી, તા.૩૦

ટોયોટા કિર્લોસ્કર મોટરના વાઈસ ચેરમેન વિક્રમ એસ કિર્લોસ્કરનું નિધન થયું છે. તેઓ ૬૪ વર્ષના હતા. કંપની દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ મંગળવારે મોડી રાત્રે હાર્ટ એટેકના કારણે તેમનું નિધન થયું હતું. વિક્રમ કિર્લોસ્કરના પરિવારમાં તેમની પત્ની ગીતાંજલિ અને પુત્રી માનસી કિર્લોસ્કર છે.



કંપની દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર માહિતીમાં કહેવામાં આવ્યું છે કે વાઈસ ચેરમેન વિક્રમ એસ કિર્લોસ્કરનું અકાળે અવસાન થયું છે. આ માહિતી આપતા અમને ખૂબ જ દુઃખ થાય છે. દુઃખની આ ઘડીમાં અમે દરેકને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવા વિનંતી કરીએ છીએ.

## પોલિગ્રાફ ટેસ્ટમાં શ્રદ્ધાની હત્યા કરી હોવાની આફતાબની કબૂલાત

**દિલ્હી શ્રદ્ધા હત્યા કેસમાં ઝડપી તપાસ : પોલીસને ઘણા પુરાવા મળ્યા : પોલીસને મહેરૌલી અને ગુરુગ્રામ બોર્ડરના જંગલોમાંથી ૧૩ માનવ હાડકાં મળ્યા છે**

નવી મુંબઈ, તા.૩૦

શ્રદ્ધા હત્યા કેસમાં દિલ્હી પોલીસની તપાસ ઝડપથી આગળ વધી રહી છે. આ કેસમાં આરોપી આફતાબ પૂનાવાલાનો પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવ્યો છે. આ ટેસ્ટ કરાવનારા ફોરેન્સિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, આરોપીએ કબૂલ્યું છે કે, તેણે શ્રદ્ધાની હત્યા કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આફતાબને શ્રદ્ધાની હત્યાનો અફસોસ પણ નથી. પૂનાવાલા (૨૮) પર તેની 'લિવ-ઈન પાર્ટનર' શ્રદ્ધા વાલ્કરની હત્યા કરવાનો અને તેના શરીરના ૩૫ ટુકડા કરવાનો આરોપ છે. એવો



આરોપ છે કે, તેણે લગભગ ત્રણ અઠવાડિયા સુધી દક્ષિણ દિલ્હીમાં મેહરૌલીમાં તેના ઘરે ૩૦૦ લિટરના રેફ્રિજરેટરમાં શ્રદ્ધાની બોડીના પાર્ટ રાખ્યા અને પછી તેને શહેરના વિવિધ સ્થળોએ ફેંકી દીધા. આરોપીની ૧૨ નવેમ્બરે

● અનુસંધાન પાન-૭ પર